

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-25 ■ તા. 06-7-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# ચૂંટણી પહેલા બિહારની રાજનીતિમાં મોટી હલચલ, ચિરાગ પાસવાને કહ્યું- DyCM અમારી પાર્ટીમાંથી બનવા જોઈએ



બિહારમાં આ વર્ષે યોજાનાર વિધાનસભા ચૂંટણીને લઈને ભારે રાજકારણ શરૂ થઈ ગયું છે. અગાઉ ચૂંટણી પછી એનડીએમાંથી મુખ્યમંત્રી કોને બનાવવા, તેના પર રાજકારણ ચાલ્યું હતું, ત્યારે હવે નાયબ મુખ્યમંત્રી પદ માટે રાજકારણ શરૂ થઈ ગયું છે. ચૂંટણી પછી નીતીશ કુમારને જ મુખ્યમંત્રી બનાવવા પર મહોર વાગી ગઈ છે, ત્યારે હવે ચિરાગ પાસવાને નાયબ મુખ્યમંત્રી પદ માટે દાવો કરી એનડીનું ટેન્શન વધારી દીધું છે. NDA તરફથી જનતા દળ યુનાઈટેડના પ્રમુખ નીતીશ કુમારને મુખ્યમંત્રીનો ચહેરો જાહેર કરાયા છે, જ્યારે મહાગઠબંધન તરફથી તેજસ્વી યાદવ મુખ્યમંત્રીનો ચહેરો બનવા માંગી રહ્યા છે. આ તમામ ઘટનાક્રમ વચ્ચે 'લોક જનશક્તિ પાર્ટી રામવિલાસ'ના પ્રમુખ ચિરાગ પાસવાને NDA પાસે મોટી માંગણી કરી છે. ચિરાગે મુખ્યમંત્રી બનવાની ઈચ્છા વ્યક્ત કરી નથી, પરંતુ તેમની પાર્ટીમાંથી નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવે, તેવી માંગ કરી છે.કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને કહ્યું કે, 'પરિસ્થિતિ વગર મુખ્યમંત્રી પદ માટે કોઈ વેકેન્સી નથી. નીતીશ કુમાર પાસે બિહારને આગળ લાવવાનો અનુભવ છે. આવી સ્થિતિમાં ગઠબંધનમાં મુખ્યમંત્રી અંગે ચર્ચા કરવાની કોઈ સંભાવના નથી.' બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAની સરકાર બનશે તો શું તમે નાયબ મુખ્યમંત્રી બનશો? આ સવાલના જવાબમાં પાસવાને કહ્યું કે, 'મને કોઈપણ પદની લાલચ નથી, નાયબ મુખ્યમંત્રી એક ગંભીર પદ છે. હું ઈચ્છું છું કે, બિહારમાં દિવસ-રાત જમીનસ્તરે મહેનત કરનાર મારી પાર્ટીનો કાર્યકર નાયબ મુખ્યમંત્રી બને.'ચિરાગ પાસવાનના નિવેદન બાદ ભાજપ પ્રવક્તા પ્રભાકર મિશ્રાએ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, 'ચિરાગે સ્પષ્ટ કહી દીધું છે કે, નીતીશ કુમારના નેતૃત્વમાં વિધાનસભા ચૂંટણી લડવામાં આવે. સાથે તેમણે એમ પણ કહ્યું અને તેમની વાત એટલી મહત્ત્વની છે કે, તેઓ નાયબ મુખ્યમંત્રી બનવા માંગતા નથી. ચિરાગનું એકમાત્ર લક્ષ્ય એનડીએને મજબૂત કરવાનું છે. તેથી મહાગઠબંધનમાં સામેલ નેતાઓ મુખ્યમંત્રી અસ્વસ્થ હોવાની અફવા ફેલાવી રહ્યા છે.'


## યુપીમાં શાળાના પહેલા દિવસે જ ૧૨ વર્ષના વિદ્યાર્થીનું રહસ્યમય મોત, સાયલન્ટ એટેક કારણ?



ઉત્તર પ્રદેશના બારાબંકી જિલ્લામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં પ્રતિષ્ઠિત સેન્ટ એન્થોની સ્કૂલમાં ૧૨ વર્ષીય વિદ્યાર્થી અખિલ પ્રતાપ સિંહનું રહસ્યમય સંજોગોમાં મૃત્યુ નીપજ્યું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે ઉનાળાના વેકેશન પછી શાળા ખુલવાના પહેલા દિવસે મંગળવારે (પહેલી જુલાઈ) અખિલ સંપૂર્ણપણે સ્વસ્થ સ્થિતિમાં શાળાએ પહોંચ્યો હતો. પરંતુ શાળાના ગેટ પાસે પહોંચતા જ તે ઢળી પડ્યો હતો.અહેવાલો અનુસાર, મંગળવારે (પહેલી જુલાઈ) સવારે અખિલ તેના પિતા સાથે કારમાં શાળાએ આવ્યો હતો. કારમાંથી ઉતરીને બેગ લઈને શાળાના ગેટ તરફ જતાની સાથે જ તે અચાનક બેભાન થઈ ગયો. શાળા પ્રશાસન અને અન્ય સ્ટાફે તેને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઈ ગયા, પરંતુ તપાસ બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. આ ઘટનામાં સાયલન્ટ એટેકને સંભવિત કારણ ગણવામાં આવી રહ્યું છે, જો કે, તબીબી દૃષ્ટિકોણથી આટલી નાની ઉંમરે આવું થવું અત્યંત દુર્લભ છે.આ મામલે જિલ્લા હોસ્પિટલના જનરલ ફિઝિશિયન ડૉ. રાજેશ કુશવાહાએ જણાવ્યું હતું કે, 'હવે એવું જોવા મળી રહ્યું છે કે નાના બાળકોમાં પણ કેટલીક આંતરિક સમસ્યાઓ જોવા મળી રહી છે. અખિલને કઈ સ્વાસ્થ્ય સમસ્યા હોઈ શકે છે તે તપાસનો વિષય છે. સમગ્ર પરિસ્થિતિ સ્પષ્ટ કરવા માટે વિગતવાર તબીબી તપાસ જરૂરી છે.'૧૨ વર્ષીય અખિલ પ્રતાપ સિંહના મૃત્યુથી સેન્ટ એન્થોની સ્કૂલમાં શોકનું મોજું ફરી વળ્યું છે. સ્કૂલ પ્રશાસને શોક વ્યક્ત કર્યો છે અને એક દિવસની રજા જાહેર કરી છે. સાથે જ લોકો આ અણધારી ઘટના પાછળના કારણો વિશે પણ અનુમાન લગાવી રહ્યા છે. એક સ્વસ્થ બાળકે શાળામાં આવતાની સાથે જ પોતાનો જીવ કેવી રીતે ગુમાવ્યો? આ પ્રશ્ન દરેકના મનમાં છે.

## શ્રી કૃષ્ણ જન્મભૂમિ અને શાહી ઈદગાહ કેસઃ મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવાની માગ કરતી હિન્દુ પક્ષની અરજી ફગાવી

મથુરાના શ્રી કૃષ્ણ જન્મભૂમિ અને શાહી ઈદગાહ વિવાદના મામલે મોટી અપડેટ સામે આવી છે. હિન્દુ પક્ષની અરજીને હાઈકોર્ટે નકારી દીધી છે. કોર્ટે મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવાની માંગ કરતી અરજી નામંજૂર કરી દીધી છે. જેને હિન્દુ પક્ષ માટે એક મોટો ઝટકો માનવામાં આવે છે. જણાવી દઈએ કે, જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાની સિંગલ બેન્ચે આ મામલે સુનાવણી હાથ ધરી હતી. હાલ, તેમની તરફથી સુનાવણીની આગળની તારીખ આપવામાં આવી છે. હવે ૨ ઓગસ્ટ, ૨૦૨૫ના દિવસે આગળની સુનાવણી હાથ ધરવામાં આવશે. આ મામલે હિન્દુ પક્ષના વકીલ મહેન્દ્ર પ્રતાપ સિંહે જણાવ્યું કે, 'હાઈકોર્ટમાં ૫ માર્ચ, ૨૦૨૫ના દિવસે મથુરા સ્થિત શાહી ઈદગાહ મસ્જિદને વિવાદિત માળખું જાહેર કરવાની માંગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. આ મુદ્દે ૨૩ મેના દિવસે કોર્ટમાં દલીલ કરવામાં આવી હતી અને કોર્ટે પોતાનો ચુકાદો સુરક્ષિત રાખ્યો હતો, જે આજે સંભળાવવામાં આવ્યો. અમે હાઈકોર્ટ સામે કહ્યું હતું કે, ત્યાં પહેલાં મંદિર હતું. ત્યાં મસ્જિદ હોવાનો કોઈ પુરાવો આજ સુધી શાહી ઈદગાહ મસ્જિદ પક્ષમાં કોર્ટમાં રજૂ નથી કરી શકી. એવામાં તેને મસ્જિદ કેમ કહેવામાં આવે? તેને વિવાદિત માળખું જાહેર કરવું જોઈએ, જેવી રીતે કોર્ટે અયોધ્યા કેસમાં પોતાનો નિર્ણય સંભળાવતા પહેલાં બાબરી મસ્જિદને વિવાદિત માળખું જાહેર કર્યું હતું, તે જે પ્રકારે શાહી ઈદગાહ મસ્જિદને પણ વિવાદિત માળખું જાહેર કરવું જોઈએ.'નોંધનીય છે કે, આ આખો વિવાદ મથુરાના કટાવ




કેશવ દેવની ૧૩.૩૭ એકર જમીન પર છે, જેમાં મંદિર અને મસ્જિદ બંને બનેલી છે. મળતી માહિતી મુજબ, કુલ જમીનમાં ૧૧ એકર જમીન પર શ્રીકૃષ્ણ જન્મભૂમિ છે અને બાકીની જમીન પર ઈદગાહ હોવાનો દાવો છે. હિન્દુ પક્ષ આખી જમીનને શ્રીકૃષ્ણની જમીન જણાવે છે અને મુસ્લિમ પક્ષ આ વાતનો ઈનકાર કરે છે. હિન્દુ પક્ષ અનુસાર, ૧૬૭૦માં ઔરંગઝેબે શ્રીકૃષ્ણ જન્મસ્થાન પર બનેલા મંદિરને તોડીને શાહી ઈદગાહ મસ્જિદ બનાવી હતી. વળી, મુસ્લિમ પક્ષે આ દવાને નકારી દીધો હતો. આજે અલ્હાબાદ હાઈકોર્ટે હિન્દુ પક્ષાની અરજી પર સુનાવણી કરતા કહ્યું કે, અમે તેને વિવાદિત માળખું જાહેર નહીં કરી શકીએ.

## સરહદ ભલે એક દુશ્મન ૩ હતા, ચીને પોતાના હથિયાર ટેસ્ટ કર્યા : સેનાના ઉપપ્રમુખ




પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકી હુમલાનો બદલો લેવા માટે ભારતીય આર્મી ફોર્સે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન POKમાં આતંકી ઠેકાણો પર હુમલો કર્યો હતો. હવે ભારતીય સૈન્યના વરિષ્ઠ અધિકારી લેફ્ટનન્ટ જનરલ રાહુલ સિંહે દાવો કર્યો છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત એક રીતે ત્રણ શત્રુ દેશો સાથે લડી રહ્યું હતું. પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ચીન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ ઉપરાંત તુર્કીયે પણ તેની મદદ કરી રહ્યું હતું. આ રીતે ભારતીય સેના એક સરહદ પર ત્રણ શત્રુ દેશો સાથે લડી રહી હતી. ડેપ્યુટી આર્મી ચીફ રાહુલ સિંહે FICCI દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું કે, ચીન યુદ્ધ દરમિયાન પાકિસ્તાનને લાઈવ અપડેટ્સ આપી રહ્યું હતું. આ રીતે, ચીન પાકિસ્તાનને સંપૂર્ણ મદદ કરી રહ્યું હતું અને તેણે કોઈ કસર ન છોડી.

નવા યુગની મિલિટ્રી ટેકનોલોજી વિષય પર આયોજિત એક કાર્યક્રમને સંબોધિત કરતા લેફ્ટનન્ટ જનરલે કહ્યું કે, 'આપણી પાસે સરહદ એક હતી, પરંતુ શત્રુ બે હતા અને વાસ્તવમાં ત્રણ હતા. પાકિસ્તાન સામે હતું અને ચીન પાછળથી તેને તમામ મદદ કરી રહ્યું હતું. પાકિસ્તાન પાસે જે હથિયારો છે તેમાંથી ૮૧% હથિયાર તો ચીનના જ છે. આ રીતે, ચીને અન્ય હથિયારો સામે પોતાના હથિયારોનું ટેસ્ટિંગ પણ કરી લીધું. આ રીતે ચીન માટે પોતાના હથિયારોના ટેસ્ટિંગના હેતુથી એક લાઈવ લેબ બની ગઈ. આવી જ રીતે તુર્કીયેએ પણ પાકિસ્તાનને પોતાની રીતે સંપૂર્ણ મદદ કરી. જ્યારે DGMO લેવલની ચર્ચા થઈ રહી હતી, ત્યારે પાકિસ્તાનને સંપૂર્ણ અપડેટ્સ ચીન તરફથી મળી રહ્યા હતા.

## અમેરિકામાં હવે ભારતીયોને પડશે તકલીફ, ટ્રમ્પના નવા બિગ બ્યૂટીફુલ બિલની શું થશે ઈફેક્ટ જાણો

અમેરિકાની કોંગ્રેસે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વન બિગ બ્યૂટીફૂલ બિલને મંજૂરી આપી દીધી છે. ૯૦૦ પેજનું આ બિલ અમેરિકા માટે જેટલું મહત્ત્વનું છે. એટલું જ મહત્ત્વનું ભારત અને અમેરિકામાં વસતા એનઆરઆઈ માટે છે.

અમેરિકન કોંગ્રેસ દ્વારા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સરકારી ખર્ચ વિશે મોટા કાયદાને મંજૂરી આપ્યા બાદ તેની અસર માત્ર અમેરિકામાં જ નહીં પણ વિશ્વ પર અસર કરી શકે છે. એનઆરઆઈ દ્વારા ભારતમાં મોકલવામાં આવતાં રેમિટન્સ પર પણ અસર જોવા મળી શકે છે. ટ્રમ્પ સરકારે રેમિટન્સ પર ૫ ટકા ટેક્સ પ્રસ્તાવિત કર્યો હતો. બાદમાં ઘટાડી ૧ ટકા કર્યો હતો. નવો ટેક્સ ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ થશે. જો કે, બેન્ક ટ્રાન્સફર અને કાર્ડ મારફત મોકલવામાં આવતાં રેમિટન્સને



આ ટેક્સ પ્રણાલીમાંથી બહાર રાખવામાં આવ્યું છે. જો કે, એનઆરઆઈને મોટી રકમ ભારત મોકલવાના ફાઈનાન્સિયલ પ્લાનિંગ પર ફરીથી વિચાર કરવો પડશે. રિયલ એસ્ટેટમાં રોકાણ, પરિવારને મોકલવામાં આવતી રકમ અને બીજી આર્થિક ગતિવિધિઓ પર અસર થશે. વિદેશમાંથી આવતી રેન્ટલ ઈનકમ પર અમેરિકામાં પહેલાં જેવો ટેક્સ જ લાગુ થશે. જો કોઈ ગ્રીન કાર્ડધારક કે અમેરિકાના નાગરિક ભારતમાં ભાડાની સંપત્તિથી કમાણી કરી રહ્યા છે. તો તેમણે ભારતમાં ચૂકવેલો ટેક્સ અમેરિકામાં ક્રેડિટ સ્વરૂપે બતાવવો પડશે. ટ્રમ્પનું આ બિલ અત્યારસુધીનું સૌથી મોટુ ડિપોર્ટેશન ઓપરેશન શરૂ કરવાની જાહેરાત કરે છે. ભારતના આશરે ૧૮૦૦૦ નાગરિકો ગેરકાયદે વસતા હોવાનો રિપોર્ટ તૈયાર થયો છે. તેમને ભારત સરકારે પરત વતનમાં સ્વીકાર કરવા તૈયારી દર્શાવી છે. અમેરિકામાં ૩ ટકા લોકો ગેરકાયદે વસે છે. જેમાં ૨.૨ લાખથી ૭ લાખ ભારતીય હોવાનો દાવો છે.અમેરિકામાં કાયદેસર રહેવા માટે જુદી-જુદી કેટેગરીમાં ડૉલર ખર્ચ કરવા પડશે. અસાઈલમ માટે અરજી કરવા ૧૦૦ ડોલરનો ખર્ચ કરવો પડશે. તેમજ વર્ક પરમિટ માટે ૫૫૦ ડોલર, ગેરકાયદે સરહદ ક્રોસ કરવા માટે ૫૦૦૦ ડોલર ચૂકવવા પડશે. ઓછી આવક ધરાવતા લોકોને પણ ફીમાં છૂટ નહીં મળે.ટ્રમ્પની પ્રાથમિકતા સુરક્ષા, ગેરકાયદે ઈમિગ્રેશન અટકાવવા તેમજ વિદેશથી મોકલવામાં આવતી કમાણી પર ટેક્સ લાગુ કરવાનો છે. જે ભારતના રેમિટન્સ પ્રવાહને અસર કરી શકે છે.

## તંત્રી લેખ...

# રોજબરોજના વપરાશની વસ્તુઓ પરના જીએસટી દર ઘટાડવા માટે વિચારણા

દેશના સામાન્ય નાગરિકોને રાહત પૂરી પાડવાના ભાગરૂપે સરકાર ગુડસ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ના દરમાં ટૂંક સમયમાં ફેરબદલ કરશે તેમ નાણાં મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. રોજબરોજની ઘરેલુ વપરાશની ચીજવસ્તુ પરના જીએસટી દરમાં સરકાર ઘટાડો કરવા વિચારી રહી છે. જીએસટીના હાલના માળખા પ્રમાણે ૫, ૧૨, ૧૮ અને ૨૮ ટકા એમ જીએસટીના કુલ ચાર સ્તર છે. જો કે કિંમતી ધાતુ પર જીએસટીના અલગ દર નિશ્ચિત કરાયા છે.

હાલમાં જે માલસામાન પર જીએસટી લાગુ કરવામાં આવ્યો છે તેમાંથી ૨૧ ટકા માલસામાન પર પાંચ ટકા, ૧૯ ટકા માલસામાન ૧૨ ટકા, ૪૪ ટકા માલસામાન તથા સેવા પર ૧૮ ટકા અને ૩ ટકા માલસામાનની એવી શ્રેણી છે જેના પર ૩ ટકા જીએસટી લાગુ કરવામાં આવે છે. દરમાં ઘટાડો કરાશે તો, આવકવેરા બાદ દેશના સામાન્ય નાગરિકોને આ એક મોટી રાહત મળી રહેશે. સરકાર જે માલસામાન પર જીએસટી ઘટાડવા ઈરાદો ધરાવે છે તેમાં ગારમેન્ટસ, પગરખાં, વાસણો વગેરેનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનિય છે, કે સોમવારે જાહેર થયેલા જીએસટીના ડેટા પ્રમાણે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારે જીએસટી મારફત કુલ રૂપિયા ૨૨.૦૮ લાખ કરોડની આવક કરી છે જે નાણાં વર્ષ ૨૦૨૧માં કરેલી રૂપિયા ૧૧.૩૭ લાખ કરોડની આવકની સરખામણીએ લગભગ બમણી છે. નાણાં વર્ષ ૨૦૨૩-૨૪ની સરખામણીએ નાણાં વર્ષ ૨૦૨૪-૨૫ની જીએસટી વસૂલી ૯.૪૦ ટકા વધુ રહી છે. નાણાં વર્ષ ૨૦૨૫માં જીએસટી મારફત માસિક સરેરાશ રૂપિયા ૧.૮૪ લાખ કરોડની આવક થઈ છે જે નાણાં વર્ષ ૨૦૨૪માં રૂપિયા ૧.૬૮ લાખ કરોડ જોવા મળી હતી. દેશમાં જીએસટી પદ્ધતિ હેઠળ કરદાતાની સંખ્યા જે જીએસટીના પ્રારંભિક વર્ષ એટલે કે ૨૦૧૭માં ૬૫ લાખ હતી તે છેલ્લા આઠ વર્ષમાં વધી ૧.૫૦ કરોડ પર પહોંચી ગઈ છે.

# ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ૧૭૬ શૈક્ષણિક સંસ્થાઓમાં મચ્છર જન્ય રોગચાળા અટકાવવા સઘન સર્વેલન્સ










ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા ચોમાસાની ઋતુમાં મચ્છર જન્ય રોગચાળાને રોકવા માટે વિવિધ વિસ્તારોમાં આવેલી ૧૭૬ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે શાળાઓ, કોલેજો, હોસ્ટેલ્સ અને પીજીમાં સઘન સર્વેલન્સ, સોર્સ રિડક્શન અને પોરાનાશક કામગીરી હાથ ધરવામાં આવી હતી. માન. નાયબ મ્યુનિસિપલ કમિશ્નર (આરોગ્ય), આરોગ્ય અધિકારી અને મેલેરિયા અધિકારીની આગેવાની હેઠળ ૯૫ આરોગ્ય ટીમોએ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈ, મચ્છર સંક્રમણના સંભવિત સ્થાનો જેવા કે અગાસી પર ભરાયેલ પાણી, ૧૪૩ ટાંકાઓ, પાણીના ફુવારા, પક્ષીના કુંડાઓ, છોડના કુંડાઓ અને રમતગમતના સાધનોની તપાસ કરી હતી. અગાસી પર જમા થયેલ કચરાને કારણે પાણીનો જમાવડો થતાં કેટલીક શાળાઓમાં મચ્છરનું બ્રીડીંગ જોવા મળ્યું હતું.કુલ ૧૪ સંસ્થાઓ જેવી કે આરાધનાવિદ્યા વિહાર (સેક્ટર-૨૮), વસંતકુવરબા સ્કૂલ (સેક્ટર-૨૮), શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ (સેક્ટર-૨૩), ગવર્મેન્ટ કુમાર છાત્રાલય (વાવોલ), સિદ્ધાર્થ સ્કૂલ (વાવોલ), આદર્શ નિવાસી સ્કૂલ (વાવોલ), ગવર્મેન્ટ પ્રાઈમરી સ્કૂલ (સેક્ટર-૧૩), સ્વામી વિવેકાનંદ પ્રાઈમરી સ્કૂલ (સેક્ટર-૨૪), ગવર્મેન્ટ પ્રાઈમરી સ્કૂલ-૧ અને ૨, સિવિલ હોસ્પિટલ કેન્ટીન (સેક્ટર-૧૨), અને સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કૂલને મચ્છર સંક્રમણ થવા દેવા બદલ નોટિસ ફટકારવામાં આવી હતી.

આ નોટિસમાં ભવિષ્યમાં બ્રીડીંગ જોવા મળે તો સખત દંડ અને સીલ કરવાની ચેતવણી આપવામાં આવી છે.આ ઉપરાંત, અગાસી પર પહોંચી ન શકાય તેવા સ્થળોએ ઓઈલ બોમ્બનુસર થયેલ પાણીમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. શૈક્ષણિક સંસ્થાઓમાં ૨૫૦થી વધુ પક્ષીઓના કુંડા દૂર કરવામાં આવ્યા હતા, અને ખાડાખાબોચિયામાં જમા થતા ગંદા પાણીમાં ૯૦ લીટર બળેલા ઓઈલનો છંટકાવ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓમાં મચ્છર જન્ય રોગો અંગે જાગૃતિ લાવવા ૩,૦૦૦ પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા જાહેર આરોગ્યની જાળવણી માટે આવી કામગીરી નિયમિત રીતે ચાલુ રહેશે અને સ્વચ્છતા જાળવવા માટે કડક પગલાં લેવામાં આવશે.

# ટ્રમ્પ-મુનીર લંચના થોડા દિવસો પછી, પાકિસ્તાન વાયુસેનાના વડા અમેરિકાની મુલાકાતે

**વોશિંગ્ટન/ઈસ્લામાબાદ,**

**પાકિસ્તાને અમેરિકા સાથે સંરક્ષણ સહયોગ વધારવાનો વધુ એક પ્રયાસ કર્યો હોય તેવું લાગે છે, જેમાં ચીફ ઓફ ધ એર સ્ટાફ ઝહીર અહેમદ બાબર સિદ્ધુનો દેશનો સત્તાવાર પ્રવાસ છે. દાયકાઓમાં પાકિસ્તાની વાયુસેનાના વડા દ્વારા આ પહેલી મુલાકાત છે, જે પાકિસ્તાન માટે લશ્કરી જોડાણો વધારવા માટે એક મહત્વપૂર્ણ પગલું બનાવે છે.**

**સિદ્ધુની અમેરિકા મુલાકાત પાકિસ્તાનના અમેરિકા સાથે સંરક્ષણ સંબંધો સુધારવાના અગાઉના મોટા પ્રયાસ - આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરની મુલાકાતના થોડા દિવસો પછી આવી છે.મુનીરની મુલાકાત ભારત-પાકિસ્તાન સંઘર્ષના થોડા અઠવાડિયા પછી આવી હતી અને તેમને અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે એક ખાનગી લંચમાં પણ આવકાર્યા હતા.**

**પાકિસ્તાન, અમેરિકા માટે નવા લશ્કરી રસ્તા પાકિસ્તાન વાયુસેનાએ તેના વાયુસેનાના વડાની અમેરિકાની મુલાકાતની જાહેરાત કરતાં, તેને અમેરિકા સાથે સંરક્ષણ ભાગીદારી માટે "વ્યૂહાત્મક સીમાચિહ્ન" પણ ગણાવ્યું.અમેરિકામાં, પાકિસ્તાન વાયુસેનાના વડાએ અમેરિકન વાયુસેનાના ચીફ ઓફ સ્ટાફ જનરલ ડેવિડ ડબલ્યુ એલન અને આંતરરાષ્ટ્રીય બાબતોના વાયુસેનાના યુએસ સચિવ કેલી એલ સીબોલ્ટને મળ્યા.બંને દેશો દ્વિપક્ષીય લશ્કરી સહયોગ માટે "નવા રસ્તાઓ" પર સંમત થયા હોવાના અહેવાલ છે. તેમજ મીડિયા સૂત્રો અનુસાર, ચર્ચામાં ઉચ્ચ સ્તરીય લશ્કરી સંબંધો સ્થાપિત કરવા, પરસ્પર હિતોમાં સહયોગ વધારવા અને સંયુક્ત તાલીમ અને ટેકનોલોજી વિનિમયને વિસ્તૃત કરવાની યોજનાઓનો સમાવેશ થાય છે.**

**સિદ્ધુએ અમેરિકન કોંગ્રેસના કેટલાક અગ્રણી સભ્યોને પણ મળ્યા, જેમાં માઈક ટર્નર, રિચ મેકકોર્મિક અને બિલ હેઈઝેંગાનો સમાવેશ થાય છે. પાકિસ્તાની વાયુસેના પ્રમુખના અમેરિકામાં પ્રવાસ વિશે વાત કરતા, PAF એ જણાવ્યું હતું કે, "આ ઐતિહાસિક મુલાકાતે પ્રાદેશિક અને વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવા માટે PAF ની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી, પરંતુ PAF અને US વાયુસેના વચ્ચે સંસ્થાકીય સહયોગ, વ્યૂહાત્મક સંવાદ અને સંયુક્ત કામગીરીનો પાયો પણ નાખ્યો."**

**અસીમ મુનીરની અમેરિકા મુલાકાતપાકિસ્તાનના વાયુસેના પ્રમુખના થોડા દિવસો પહેલા, પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે અમેરિકાની મુલાકાત લીધી હતી, જે ટ્રમ્પ દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામમાં મધ્યસ્થી કરવાનો દાવો કર્યાના થોડા દિવસો પછી જ મહત્વપૂર્ણ માનવામાં આવતું હતું.**

**જીઓ ન્યૂઝ અનુસાર, મુનીરે વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પ સાથે ખાનગી લંચ લીધું હતું, જોકે તેમની વાતચીતની વિગતો ગુપ્ત રાખવામાં આવી છે. આવી મુલાકાત ખૂબ જ અસામાન્ય છે, કારણ કે યુએસ રાષ્ટ્રપતિઓ ભાગ્યે જ વ્હાઈટ હાઉસમાં વિદેશી લશ્કરી નેતાઓનું આયોજન કરે છે.**

**ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે "તણાવ વધતો અટકાવવા" માં તેમની ભૂમિકા બદલ મુનીરની પણ પ્રશંસા કરી હતી.**

**ટ્રમ્પે વારંવાર દાવો કર્યો છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પાછળ તેમનો હાથ હતો, પરંતુ નવી દિલ્હીએ હંમેશા આ દાવાને નકારી કાઢ્યો છે, અને કહ્યું છે**

# ભારતીય લશ્કરી નિકાસને મોટા પ્રોત્સાહન આપવા માટે બ્રાઝિલની નજર ભારતની આકાશ વાયુ સંરક્ષણ પ્રણાલી પર છે

નવી દિલ્હી,

મીડિયા સૂત્રોના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતની સંરક્ષણ નિકાસ મહત્વાકાંક્ષાઓને મોટા પાયે પ્રોત્સાહન આપતા, બ્રાઝિલે આકાશ હવાઈ સંરક્ષણ પ્રણાલીને હસ્તગત કરવામાં રસ દર્શાવ્યો છે, જેણે ઓપરેશન સિંદૂર દરમિયાન તેના પ્રદર્શન માટે વૈશ્વિક સ્તરે ધ્યાન ખેંચ્યું હતું.

આકાશ મિસાઈલ અને સ્કોર્પિન-ક્લાસ સબમરીન સહિત ભારતમાં નિર્મિત લશ્કરી સંરક્ષણ પ્રણાલીમાં બ્રાઝિલના રસની સત્તાવાર પુષ્ટિ, આ અઠવાડિયાના અંતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લેટિન અમેરિકન દેશની મુલાકાત સાથે થઈ.

બ્રાઝિલ આકાશ મિસાઈલ સિસ્ટમમાં રસ ધરાવે છે

બ્રાઝિલનો આકાશ મિસાઈલ સિસ્ટમમાં રસ, સંભવિત રીતે સહ-ઉત્પાદન સહિત, ભારતની સંરક્ષણ સ્વ-નિર્ભરતા મહત્વાકાંક્ષાઓ અને વૈશ્વિક સ્તરે સિસ્ટમોની વિશ્વસનીયતા સાથે સુસંગત છે. પીએમ મોદીની મુલાકાત તેને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.

આ વિકાસ એવા સમયે થયો છે જ્યારે પીએમ મોદી પાંચ દેશોના પ્રવાસ પર છે, જેમાં ૫ થી ૮ જુલાઈ દરમિયાન રિયો ડી જાનેરોમાં ૧૭મા બ્રિક્સ સમિટ માટે બ્રાઝિલનો પણ સમાવેશ થાય છે, અને આર્જેન્ટિના સહિત કેટલાક અન્ય લેટિન અમેરિકન દેશોની મુલાકાતો પણ છે.

સંરક્ષણ સહયોગ પીએમ મોદીના બ્રાઝિલ સાથેના કાર્યસૂચિનો એક ભાગ છે

અગાઉ, ભારતના વિદેશ મંત્રાલયના સચિવ (પૂર્વ) પી કુમારને હાઈલાઈટ કર્યું હતું કે બ્રાઝિલના નેતૃત્વ સાથે પીએમ મોદીની ચર્ચા દરમિયાન સંરક્ષણ સહયોગ મુખ્ય એજન્ડા હશે.

રક્ષા સહયોગ, સંયુક્ત સંશોધન માટેના માર્ગો અને તાલીમ પર ચર્ચા થશે, કુમારને ૨ જુલાઈના રોજ જણાવ્યું હતું.

તેઓ (બ્રાઝિલ સરકાર) યુદ્ધભૂમિ પર સુરક્ષિત સંદેશાવ્યવહાર પ્રણાલીઓ, ઓફશોર પેટ્રોલ જહાજો, તેમની સ્કોર્પીન-ક્લાસ સબમરીન જાળવણી માટે ભાગીદારી, આકાશ હવાઈ સંરક્ષણ પ્રણાલી, દરિયાકાંઠાની દેખરેખ પ્રણાલી અને ગરુડ આર્ટિલરી બંદૂકોમાં રસ ધરાવે છે, કુમારને ઉમેર્યું.

તેમણે એમ્બ્રેર દ્વારા બ્રાઝિલની એરોસ્પેસ જાણકારીનો ઉપયોગ કરીને સંભવિત સંયુક્ત સાહસનો પણ સંકેત આપ્યો.

આકાશ મિસાઈલ સિસ્ટમ વિશે બધું જાણોભારતના સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) દ્વારા વિકસિત, આકાશ મિસાઈલ સિસ્ટમે મે મહિનામાં ઓપરેશન સિંદૂર દરમિયાન તેની ક્ષમતા સાબિત કરી. પાકિસ્તાન સાથેના સંઘર્ષ દરમિયાન, ભારતે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલા પછી પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (POK) માં આતંકવાદી છાવણીઓને નિશાન બનાવીને લશ્કરી આક્રમણ શરૂ કર્યું.આકાશ મિસાઈલ સિસ્ટમ, જે ભારતની AI-સંચાલિત આકાશતીર સિસ્ટમનો અભિન્ન ભાગ છે, દરેક ખતરાને ૧૦૦% ચોકસાઈથી અટકાવે છે.૨૫ કિમી સુધીની રેન્જ ધરાવતી મધ્યમ-અંતરની, સપાટીથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ, આકાશ મિસાઈલ સિસ્ટમ સુપરસોનિક ગતિએ વિમાન અને ડ્રોનને નિશાન બનાવવામાં સક્ષમ છે જેણે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાની ડ્રોન અને ક્રુઝ મિસાઈલોને ટક્કર આપવાની ક્ષમતા દર્શાવી હતી.

# દુબઈમાં નોકરીના નામે યુવકો સાથે છેતરપિંડી કરનાર ટ્રાવેલ એજન્ટ અમદાવાદ એરપોર્ટ પર પકડાયો

વડોદરા દુબઈમાં નોકરી અપાવવાના નામે બે વર્ષ પહેલા અનેક યુવકો સાથે કરાયેલી ઠગાઈના કેસમાં પોલીસે એક આરોપીને અમદાવાદ એરપોર્ટ પરથી ઝડપી પાડ્યો છે.વડોદરાના સમા સાવલી વિસ્તારમાં આવેલી ડ્રીમ કન્સલ્ટન્સીના નામે વર્ષ ૨૦૨૩ માં દુબઈમાં ૬૦૦૦૦ થી ૧,૮૦,૦૦૦ સુધીની નોકરી માટેની જાહેરાત જોઈ ગાંધીનગરમાં રહેતા મનોજભાઈ રાજપૂતે તેમના દીકરા સ્મિત માટે તપાસ કરી હતી.

આ વખતે ઓફિસમાં જેનીલ પ્રજાપતિ નામના શખ્સે વાતચીત કરી હતી. મારા પુત્રએ ૨.૨૫ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ દુબઈ જવાની ટિકિટ અને કોલ લેટર માટે એક મોટું ફંક્શન કરી ૬૦ જણાને એક સાથે આપવાના છે તેવી વાત કરી લાંબા સમય સુધી કોલ લેટર આપ્યો ન હતો અને પૈસા પણ પાછા આપ્યા ન હતા.આ બનાવમાં અંદાજે ૨૭ લાખ રૂપિયાનું ઘરાણુ કરી એજન્ટ ઓફિસ બંધ કરી ફરાર થઈ જતા પોલીસે તપાસ કરી અગાઉ એક આરોપીને પકડ્યો હતો. તપાસમાં આકાશ કમલેશભાઈ રાજપુત (સ્વાદ ક્વાટર્સ,હરણી રોડ) નું પણ નામ ખુલ્યું હતું. જેથી પોલીસે તમામ એરપોર્ટને જાણ કરી હતી. ગઈકાલે આકાશ દુબઈથી પરત ફરતા અમદાવાદ એરપોર્ટ પર તેને રોકી દેવામાં આવ્યો હતો અને વડોદરા પોલીસને જાણ કરતા ક્રાઈમ બ્રાન્ચે આકાશની ધરપકડ કરી હતી.

# કેન્દ્ર સરકારે આસામ સરકારને ગેરકાયદેસર વન જમીનના ઉપયોગ બદલ અધિકારી સામે કાર્યવાહી કરવા જણાવ્યું છે

નવી દિલ્હી/ગુવાહાટી,

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયએ આસામ સરકારને વન (સંરક્ષણ એવમ સંવર્ધન) અધિનિયમ, ૧૯૮૦ હેઠળની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, હૈલાકાંડી જિલ્લામાં એક અનામત જંગલની અંદર ગેરકાયદેસર બાંધકામને મંજૂરી આપવા બદલ રાજ્યના એક વરિષ્ઠ અધિકારી સામે કાર્યવાહી કરવાનો નિર્દેશ આપ્યો છે.

આસામ સરકારના મુખ્ય મુખ્ય વન સંરક્ષક  વન દળના વડા અને ખાસ મુખ્ય સચિવ (વન) એમકે યાદવ પર કેન્દ્રની પૂર્વ પરવાનગી લીધા વિના કમાન્ડો બટાલિયનના નિર્માણ માટે આસામમાં દામચેરા ઈનર લાઈન રિઝર્વ ફોરેસ્ટની અંદર ૧૧.૫ હેક્ટર જમીનને ડાયવર્ઝન કરવાની મંજૂરી આપવાનો આરોપ હતો.

યાદવે ઓક્ટોબર ૨૦૨૧ માં આસામ પોલીસની બીજી કમાન્ડો બટાલિયનના નિર્માણને મંજૂરી આપી હતી.

MoEFCC ના શિલોંગ સ્થિત પ્રાદેશિક કાર્યાલયે ૨૫ મે ના રોજ આસામ સરકારને એક પત્ર જારી કર્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, તત્કાલીન PCCF અને HoFF, આસામ એમકે યાદવ પાસે કેન્દ્ર સરકારની પૂર્વ પરવાનગી વિના બિન-વન પ્રવૃત્તિ માટે જંગલની જમીન સાફ કરવાની પરવાનગી આપવાનો કોઈ અધિકાર નહોતો.

રાજ્ય સરકારને નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) સમક્ષ પેન્ડિંગ મુકદ્દમાઓ અંગે લેવામાં આવેલી કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપતા પત્રમાં આગળ જણાવાયું છે કે, આસામ સરકારને આ દ્વારા ગુનેગાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા અને ૪૫ દિવસની અંદર કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ ઓફ ફોરેસ્ટ્સ (કેન્દ્રીય) પી લી એટે દ્વારા લખાયેલા નકલ જોઈ છે.પત્રમાં સમજાવવામાં આવ્યું છે કે જ્યારે વાન (સંરક્ષણ એવમ સંવર્ધન) અધિનિયમ કેન્દ્રની પૂર્વ પરવાનગી વિના વન વ્યવસ્થાપન માટે ઓછામાં ઓછી કાર્યરત ઈમારતો - જેમ કે ચેક ગેટ, સિંગલ-લેન અનટાર્ડ રસ્તાઓ અને રક્ષકો માટે ઝૂંપડીઓ - ના બાંધકામની મંજૂરી આપે છે, ત્યારે સંરક્ષણને અસર કરી શકે તેવા મોટા બાંધકામો માટે મંજૂરી જરૂરી છે.પત્રમાં જણાવાયું છે કે, MoEFCC ટીમે આ વિસ્તારનું નિરીક્ષણ કર્યું હતું અને તેમાં બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું હોવાનું જણાયું હતું, જેમાં ૧૧.૫ હેક્ટરમાં લગભગ ૩૦,૦૦૦ ચોરસ મીટરના પ્લિન્થ એરિયાને આવરી લેતા કાયમી બાંધકામો બનાવવામાં આવી રહ્યા છે.આસામ પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના અધિકારીઓએ ટીમને જાણ કરી હતી કે પ્રસ્તાવિત બટાલિયનની કેટલીક ઈમારતોનું બાંધકામ લગભગ ૫૦% પૂર્ણ થઈ ગયું છે.

# વોલોડીમીર ઝેલેન્સકી કહે છે કે યુક્રેને અમેરિકન કંપની સાથે સંયુક્ત ડ્રોન ઉત્પાદન માટે કરાર પર હસ્તાક્ષર કર્યા

કિવ,

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ગુરુવારે જણાવ્યું હતું કે કિવએ અમેરિકન કંપની સ્વિફ્ટ બીટ સાથે સંયુક્ત રીતે ડ્રોન બનાવવા માટે કરાર પર હસ્તાક્ષર કર્યા છે. તેમણે આને "એક સ્પષ્ટ પ્રાથમિકતા" ગણાવી.

ઠ પરની એક પોસ્ટમાં, ઝેલેન્સકીએ કહ્યું કે આ વર્ષે જ હજારો ડ્રોનના ઉત્પાદન માટે યુક્રેનિયન-અમેરિકન સહયોગ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. યુક્રેનિયન રાષ્ટ્રપતિએ કહ્યું કે આગામી વર્ષમાં ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થવાની અપેક્ષા છે."ડેનમાર્કની મુલાકાત આપણા સંરક્ષણ માટે એક મહત્વપૂર્ણ પગલા સાથે શરૂ થાય છે. ઈન્ટરસેપ્ટર ડ્રોન સહિત ડ્રોન ઉત્પાદનમાં યુક્રેનિયન-અમેરિકન સહયોગ પર એક કરાર થયો છે - એક સ્પષ્ટ પ્રાથમિકતા," ઝેલેન્સકીએ કહ્યું.તેમણે વધુમાં ઉમેર્યું, "દુશ્મનના ડ્રોન અને મિસાઈલોનો નાશ કરવા માટે ઈન્ટરસેપ્ટર, રિકોનિસન્સ અને ફાયર એડજસ્ટમેન્ટ માટે ક્વોડકોપ્ટર અને લાંબા અંતરના સ્ટ્રાઈક ડ્રોન - આ બધાનું ઉત્પાદન આપણા સંરક્ષણ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં અને યુક્રેનિયનોના જીવનનું રક્ષણ કરવામાં મદદ કરવા માટે ઘણી મોટી સંખ્યામાં કરવામાં આવશે."ઝેલેન્સકીએ કહ્યું કે તેઓ ડેનમાર્ક, નોર્વે, જર્મની, કેનેડા, લિથુઆનિયા અને યુનાઈટેડ કિંગડમ સાથે સંયુક્ત ઉત્પાદન શરૂ કરવા માટે પણ વાટાઘાટો કરી રહ્યા છે.તેમણે કહ્યું કે યુક્રેન ઉનાળામાં શસ્ત્ર ઉત્પાદન તકનીકોની નિકાસ શરૂ કરવા માટે કરારો પર હસ્તાક્ષર કરવાની યોજના ધરાવે છે.આ વાત અમેરિકા દ્વારા યુક્રેન માટે બનાવાયેલ હવાઈ સંરક્ષણ ઈન્ટરસેપ્ટર અને અન્ય શસ્ત્રો અને યુક્રેન માટે બનાવાયેલ અન્ય શસ્ત્રોની ડિલિવરી બંધ કર્યાના બે દિવસ પછી જ આવી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું